ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખથી વધુમાં વધુ ૧૫૦ દિવસ અગાઉ અને ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉથી અરજી કરવાની રહેશે. પરંતુ ઉપરોકત સમય મર્યાદામાં ફેરફાર કરવાની સત્તા કમિશ્નરશ્રી અથવા તેમના અધિકૃત અધિકારીને રહેશે.

(અ) ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે માટે દરેક માસની પહેલી તારીખે ૧૨૧ દિવસથી ૧૫૦ દિવસ (સમગ્ર પાંચમાં મહિના) ની સમગ્ર તારીખોનું રીઝર્વેશન વહેલા તે પહેલાના ધોરણે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે પરિશિષ્ટ 'જી તથા એચ' માં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૧૦૦% ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે.

(બ) ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે માટે માસની પહેલી તારીખે ૯૧ દિવસથી ૧૨૦ દિવસ (સમગ્ર ચોથા મહિના) ની સમગ્ર તારીખોનું રીઝર્વેશન વહેલા તે પહેલાના ધોરણે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે પરિશિષ્ટ 'જી તથા એચ' માં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૫૦% ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે.

(ક) ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે માટે માસની પહેલી તારીખે ૬૧ થી ૯૦ દિવસ (સમગ્ર ત્રીજા મહિના) ની સમગ્ર તારીખોનું રીઝર્વેશન વહેલા તે પહેલાના ધોરણે પરિશિષ્ટ 'જી તથા એચ' માં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ વગેરે નિયમ મુજબના નાણાં વસુલ કરીને કરવામાં આવશે.

(ડ) ભરત નાટયમ તથા આરંગેત્રમ માટે તેમજ રાજય કક્ષા તથા કેન્દ્ર કક્ષાના પરિસંવાદ મીટીંગ, સેમીનાર,પ્રવચન વિગેરે કાર્યક્રમો, શૈક્ષણિક સંસ્થાઓ સેવાકીય સંસ્થાઓ તથા એસોસીએશન વિગેરેને ૧૫૧ દિવસથી વધુ સમય પહેલા એટલે કે બુકીંગની તારીખથી ૧૮૦ દિવસ પહેલાં (સમગ્ર છઠ્ઠા મહિના) કાર્યક્રમ માટે પરિશિષ્ટ 'જી તથા એચ' માં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના

**૧૦૦% ભરપાઈ કરાવી એડવાન્સમાં આપવા મ્યુ.કમિશ્નરશ્રી અધિકૃત રહેશે.**